# Joint Press Release of the 12th India-European Union Counter Terrorism Dialogue

November 19, 2020

## 12માં ભારત-યુરોપીયન યુનિયન આતંકવાદ વિરોધી સંવાદનું સંયુક્ત પ્રેસ રીલીઝ

નવેમ્બર 19, 2020

ભારત અને યુરોપીયન યુનિયન (EU) વચ્ચે 12મો આતંકવાદ વિરોધી સંવાદ 19 નવેમ્બર 2020 નાં રોજ વર્ચ્યુઅલી યોજવામાં આવ્યો હતો. આ સંવાદ ભારત-યુરોપીયન યુનિયન વ્યૂહાત્મક ભાગીદારીનાં આ મહત્વનાં ઘટક પર નિકટનો સહકાર અને સંકલન ચાલું રાખવાની તક હતી. ભારત અને યુરોપીયન યુનિયન એમ બન્ને દ્વારા આતંકવાદ સામેની લડાઈમાં એકબીજાને સમર્થન આપવાનો સંકલ્પ લીધો હતો.

ભારત અને યુરોપીયન યુનિયન આતંકવાદની તેનાં તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં અને સીમા-પારનાં આતંકવાદ માટેની આતંકવાદી પ્રોક્સીઓ સહિત પ્રબળ નિંદા કરે છે. તાજેતરમાં યુરોપીયન યુનિયનનાં સભ્ય રાજ્યોમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલાઓની ભારત દ્વારા નિંદા કરવામાં આવી હતી અને ભોગ બનેલાઓનાં પરિવારો તરફ દિલાસો વ્યક્ત કર્યો હતો. 26/11 મુંબઈ, પઠાણકોટ અને પુલવામા સહિત ભારતમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલાઓની યુરોપીયન યુનિયન દ્વારા ફરીથી નિંદા કરવામાં આવી હતી અને આતંકવાદ સામેની લડાઈમાં ભારતનાં લોકો અને સરકારને તેનાં સમર્થનનું પુનઃઉચ્ચારણ કર્યું હતું. ભારત અને યુરોપીયન યુનિયને વ્યાપક અને સાતત્યપૂર્ણ રીતે આતંકવાજનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રિય સહકાર વધારે મજબૂત કરવાની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો. તેઓએ પુનઃપુષ્ટિ કરી હતી કે હિંસા અને આતંકવાદનાં ગુનેગારોનો ન્યાય કરવામાં આવે તે અતિ મહત્વપૂર્ણ છે.

આ સંવાદનાં સહભાગીઓએ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રતિબંધિત સંસ્થાઓ દ્વારા ઉભા થયેલા ખતરાઓની સમીક્ષા કરી હતી અને તમામ આતંકવાદી જોડાણો સામે સંબંધિત કાર્યવાહી કરવાની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો. તમામ દેશે અન્ય દેશો પર આતંકવાદી હુમલાઓ કરવા માટે તેઓનાં નિયંત્રણમાં રહેલા કોઈપણ પ્રદેશોનો ઉપયોગ ન કરવામાં આવે તેની ખાતરી કરવા માટે તાત્કાલિક, સાતત્યપૂર્ણ અને બદલવામાં ન આવે તેવી કાર્યવાહી કરે તે માટેની તાત્કાલિક જરૂરિયાત પર પણ તેઓએ ભાર મૂક્યો હતો.

ભારત અને યુરોપીયન યુનિયને કટ્ટરવાદ અને હિંસક આત્યંતિકતાનો સામનો કરવો, આતંકવાદનાં ભંડોળનો સામનો કરવો અને આતંકવાદી દ્વારા ઈન્ટરનેટનાં ઉપયોગ કરવાની બાબતને ડામવા સહિત તાજેતરનાં આતંકવાદ-વિરોધી પડકારો પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું. તેઓ આ પડકારોનું નિરાકરણ લાવવા સહકાર વધારે મજબૂત કરવા સંમત થયા હતા. સહભાગીઓએ અમુક ચોક્કસ આતંકવાદી જૂથોનાં હોદ્દેદારો અને વ્યક્તિઓ સહિત આતંકવાદનો સામનો કરવા પ્રતિબંધોને એક સાધન તરીકે ઉપયોગ કરવા પર પણ ચર્ચા કરી હતી. તેઓએ આતંકવાદનો સામનો કરવાનાં પરિઘમાં ભારતીય એજન્સીઓ અને યુરોપોલ સહિતનાં તેઓનાં યુરોપીયન સમતુલ્યો વચ્ચે સહકાર વધારવા માટેનાં માર્ગો પર ચર્ચા કરી હતી. આ સંદર્ભમાં, તેઓએ સંગઠિત ગુનાઓ અને આતંકવાદને અટકાવવા અને સામનો કરવામાં ભારતીય અને યુરોપીયન યુનિયનની કાયદા

અમલીકરણ એજન્સીઓને સહાયતા પ્રદાન કરવા યુરોપોલ અને ઈન્ડિયન સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન વચ્ચે કાર્યકારી વ્યવસ્થાઓ કરવા પરની ચાલું વાટાઘાટોને સંદર્ભિત કરી હતી.

આ સંવાદ દ્વારા ફાયનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ, ગ્લોબલ કાઉન્ટર ટેરરિઝમ ફોરમ જેવા બહુપક્ષીય મંચો અને સંયુક્ત રાષ્ટ્ર ઉચ્ચ-સ્તરીય આતંકવાદ-વિરોધી સપ્તાહ 2021 અને સંયુક્ત રાષ્ટ્ર વૈશ્વિક આતંકવાદ-વિરોધી વ્યૂહરચનાની આગામી સમીક્ષામાં સહિત સંયુક્ત રાષ્ટ્ર (UN) માં આતંકવાદ વિરોધી સહકાર પર ચર્ચા કરવાની તક પણ પ્રસ્તુત કરવામાં આવી હતી.

આ આતંકવાદ-વિરોધી સંવાદની સહ-અધ્યક્ષતા ભારતનાં વિદેશ મંત્રાલયનાં આતંકવાદ વિરોધી બાબતોનાં સંયુક્ત સચિવ શ્રી મહાવીર સિંઘવી અને યુરોપીયન એક્સ્ટર્નલ એક્શન સર્વિસનાં સુરક્ષા નીતિનાં નિર્દેશક શ્રી જોઆન્નેકે બાલફૂર્ટ દ્વારા કરવામાં આવી હતી.

**નવી દિલ્હી**
**નવેમ્બર 19, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.